**(૧) 'નવાણ' શબ્દનું શિષ્ટરૂપ આપો.**
(૧) પર્વત (૨) ખાબોચિયું
(૩) જળાશય (૪) મકાન

**(૨) ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.**
(૧) કુહર (૨) ગુફા
(૩) ભેખડ (૪) બખોલ

**(૩) 'રણયજ્ઞ' ના કર્તા કોણ છે ?**
(૧) બ્રહ્માનંદ (૨) પ્રેમાનંદ
(૩) ભાલણ (૪) જયવંત સૂરિ

**(૪) આધુનિક કવિ કોણ છે ?**
(૧) બાલમુકુંદ દવે (૨) પૂજાલાલ
(૩) મનસુખલાલ ઝવેરી (૪) સિતાંશું યશચંદ્ર

**(૫) 'નર્મદા' નો સમાસપ્રકાર જણાવો.**
(૧) દ્વિગુ (૨) બહુવ્રીહિ
(૩) દ્વંદ્વ (૪) ઉપપદ

**(૬) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) હાઈડ્રોજનની શોધ ૧૭૬૬માં ઈંગ્લેન્ડમાં હેન્રી કેવેન્ડિશે કરી હતી.
(૨) વાતાવરણમાં લગભગ ૭૮% ભાગ નાઈટ્રોજન ધરાવે છે.
(૩) એન્થ્રેસાઈટ કોલસામાં કાર્બનનું પ્રમાણ ૯૦% હોય છે.
(૪) પીટ કોલસામાં કાર્બનનું પ્રમાણ ૪૦ થી ૫૦% હોય છે

**(૭) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) સિમેન્ટ મુખ્યત્વે કેલ્શિયમ સિલિકેટો અને એલ્યુમિનિયમ સિલિકોટોનું મિશ્રણ છે.
(બ) સોડા કાચ એ સૌથી સસ્તો અને નીચલી કક્ષાનો કાચ છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૮) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) રેસાદાર કાચનો ઉપયોગ બુલેટ પ્રુફ જેકેટ બનાવવા થાય છે.
(૨) કાચને કઠોર બનાવવા પોટેશિયમ ક્લોરાઈડ ઉમેરવામાં આવે છે.
(૩) ભૂરા કલરનો કાચ બનાવવા ફેરિક ઓકસાઈડનો ઉપયોગ થાય છે.
(૪) ઉપરના બધા વિધાન સાચા છે.

**(૯) કાચનું સૌપ્રથમ નિર્માણ ક્યા દેશમાં થયું હતું ?**
(૧) જર્મની (૨) ઓસ્ટ્રીયા
(૩) ઈજીપ્ત (૪) સ્કોટલેન્ડ

**(૧૦) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) જમીનની ખારાશ ઘટાડવા જીપ્સમનો ઉપયોગ થાય છે.
(૨) સૌથી હલકું ધાતુ તત્વ ઓસ્મિયમ છે.
(૩) પોટેશિયમ બ્રોમાઈડ ઊંઘ લાવવાની દવામાં વપરાય છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૧૧) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) નાઈટ્રોજન વાતાવરણમાં ૧૩૦ કિ.મી. ઊંચાઈ સુધી ફેલાયેલો છે.
(૨) ઓઝોન સ્તરની જાડાઈ માપવા માટે ડાબસન યુનિટનો પ્રયોગ કરવામાં આવે છે.
(૩) દબાણનો એકમ બાર અથવા પાસ્કલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૧૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) એનીમોમીટરથી પવનનો વેગ માપવામાં આવે છે.
(બ) બોરા નામથી ઠંડી હવાઓ આર્જેન્ટિનામાં અનુભવાય છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૧૩) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) વિલિવાવ નામની ઠંડી હવાઓ આર્જેન્ટિનામાં વાય છે.
(૨) હરિકેન નામનો ચક્રવા યુ.એસ.એ.માં આવે છે.
(૩) પાણીના પ્રવાહી અવસ્થામાંથી વાયુ અવસ્થામાં પરિવર્તનની પ્રક્રિયાને બાષ્પીકરણ કહે છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૧૪) 'ટાઈફૂન' નામનો ચક્રવાત ક્યા મહાસાગરમાં ઉત્પન્ન થાય છે ?**
(૧) આર્કટિક (૨) પેસેફિક
(૩) હિન્દ મહાસાગર (૪) એક પણ નહીં

**(૧૫) 'મેસ્ટ્રલ' નામની ઠંડી હવાઓ ક્યા દેશમાં આવે છે ?**
(૧) સ્પેન (૨) અલાસ્કા
(૩) ફ્રાંસ (૪) (૧) અને (૩) બંને

**(૧૬) કુરુક્ષેત્ર નવલકથા કોણે લખી છે ?**
(૧) દર્શક (૨) સુમિત્રાનંદન પંત
(૩) મૈથિલિશરણ ગુપ્ત (૪) કનૈયાલાલ મુનશી

**(૧૭) ગુજરાતી સાહિત્યના વ્યાપક રીતે વપરાતા 'સાર્થ શબ્દ કોશ'નું પ્રકાશન કોના દ્વારા થયું છે ?**
(૧) ગુજરાત વિદ્યાપીઠ (૨) સાહિત્ય પરિષદ
(૩) ગુજરાત યુનિવર્સિટી (૪) સાહિત્ય અકાદમી

**(૧૮) નીચે દર્શાવેલ નિબંધસંગ્રહના લેખકનું નામ જણાવો - મોજાંને ચીંધવા સહેલા નથી.**
(૧) સુરેશ દલાલ (૨) મુરલી ઠાકુર
(૩) પ્રિયકાંત મણિયર (૪) દયારામ

**(૧૯) 'એક ખાલી નાવ' કાવ્યસંગ્રહના કવિનું નામ જણાવો.**
(૧) હર્ષદ ત્રિવેદી (૨) ઉમેશ પરવા
(૩) જયંત કોઠારી (૪) બ.ક. ઠાકોર

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
**મનીષ શાહ**

**(૨૦) 'વસમી સદી' ના સંપાદકનું નામ જણાવો.**
(૧) રમેશ પારેખ (૨) ચાંપસી ઉદેશી
(૩) રા.વિ. પાઠક (૪) હાજી અલ્લારખાં

**(૨૧) પાણી ભરવાની ચામડાંની કોથળી :**
(૧) ચર્મબેગ (૨) ચર્મથેલી
(૩) મશક (૪) કશક

**(૨૨) કામ પેટે અગાઉથી આપેલી રકમ :**
(૧) ઉછીની રકમ (૨) બાનું
(૩) અંશરકમ (૪) બાંયધરી

**(૨૩) ફાટી ગયેલું નાનું કપડું :**
(૧) ટુકડો (૨) ચીથરું
(૩) ગાભો (૪) ચીંદડી

**(૨૪) મનની વૃત્તિઓનો જાણનાર :**
(૧) જ્યોતિષ (૨) અંતર્યામી
(૩) મનોકાર (૪) મનોવિજ્ઞાન

**(૨૫) જેમાં નાંખવાથી કદી ભરાય નહીં તેવું પાત્ર :**
(૧) કુપાત્ર (૨) કમંડળ
(૩) હોજરી (૪) ખપ્પર

**(૨૬) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) સૌ પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિક-૧ ઈ.સ. ૧૯૫૭ અવકાશમાં તરતો મૂકાયો.
(૨) અવકાશમાં જનાર વિશ્વની પ્રથમ મહિલા વેલેન્ટીના ટેરિશકોવા હતી.
(૩) મંગળ પર પ્રથમ વખત માર્સ-૨માં અવકાશયાન ૧૯૭૧માં ઉતર્યું હતું.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૨૭) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) નવેમ્બર-૧૯૬૫માં કોલંબિયા-૩ નામનું અવકાશયાન શુક્ર ગ્રહ પર ઉતર્યું હતું.
(બ) ભારતીય અવકાશ વિભાગની સ્થાપના ૧૯૭૨માં થઈ હતી.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૨૮) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) પ્રથમ ભારતીય ઉપગ્રહ 'આર્યભટ્ટ' ને સોવિયત સંઘના બેકાનુંર કેન્દ્રથી કોસ્મોસ લોન્ચીંગ યાન દ્વારા પ્રક્ષેપિત કરાયો હતો.
(૨) પ્રથમ ભારતીય અવકાશયાત્રી રાકશે શર્મા 'સોયુજ ટી-૨'નામના અવકાશયાનમાં અવકાશમાં ગયા હતા.
(૩) ભારતનો પ્રથમ સંચાર ઉપગ્રહ 'રોહિણી' હતો.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૨૯) ભારતનો પ્રથમ 'સૈનિક ઉપગ્રહ' કઈ સાલમાં અવકાશમાં તરતો મૂકાયો.**
(૧) ૨૦૦૦ (૨) ૨૦૦૨
(૩) ૨૦૦૫ (૪) ૨૦૦૧

**(૩૦) મંગળ પર ભારતનું પ્રથમ મિશન 'મંગળયાન PSLV-C-25' કઈ સાલમાં પ્રક્ષેપિત કરાયું ?**
(૧) ૨૦૧૧ (૨) ૨૦૧૩
(૩) ૨૦૧૨ (૪) ૨૦૧૪

**(૩૧) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) પ્રશાંત મહાસાગર ઉત્તરમાં બેરીંગની સમુદ્ધુનીથી દક્ષિણમાં એન્ટાર્ટિકા ખંડ સુધી વિસ્તરેલો છે.
(૨) એટલેટિક મહાસાગર ઉત્તરમાં આઈસલેન્ડથી દક્ષિણમાં બોવેર દ્વિપ સુધી ફેલાયેલો છે.
(૩) હિંદ મહાસાગર એક બાજુ પ્રશાંત મહાસાગર અને બીજી બાજુ એટલાંટિક મહાસાગરને મળેલો છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૩૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) મેડાગાસ્કાર હિંદ મહાસાગરનો સૌથી મોટો ટાપુ છે.
(બ) આર્કટિક મહાસાગર સૌથી નાનો અને છિછરો મહાસાગર છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે

**(૩૩) દ. અમેરિકામાં સૌથી મોટો દેશ ક્યો છે ?**
(૧) બ્રાઝિલ (૨) કેનેડા
(૩) અલ્જિરિયા (૪) એક પણ નહીં

**(૩૪) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) માલદીવ એ એશિયાખંડનો સૌથી નાનો દેશ છે.
(૨) 'સેન્ટપીરે' એ આફ્રિકા ખંડનો સૌથી નાનો દેશ છે.
(૩) વેટિકન સીટીએ યુરોપનો સૌથી નાનો દેશ છે.
(૪) ઉત્તર અમેરિકા ખંડની સૌથી લાંબી નદી 'મિસિસિપી' છે.

**(૩૫) નીચેનામાંથી ક્યાં ખંડમાં સૌથી વધુ દેશો આવેલા છે ?**
(૧) એશિયા (૨) આફ્રિકા
(૩) યુરોપ (૪) ઉ.અમેરિકા

**(૩૬) 'રુસ્તમનો સલોકો'ના સંપાદકનું નામ જણાવો.**
(૧) મકરંદ દવે (૨) જયંત પાઠક
(૩) રમેશ પારેખ (૪) હરિવલ્લભ ભાયાણી

**(૩૭) 'ખાનદાન લોહી' એ કોનું નાટક છે ?**
(૧) ઈશ્વર પેટલીકર (૨) કે.કા.શાસ્ત્રી
(૩) બટુભાઈ ઉમરવાડિયા (૪) એક પણ નહિ

**(૩૮) 'શશિન' ઉપનામ કોનું છે ?**
(૧) ચંદ્રકાંત મહેતા (૨) ચંદ્રકાંત બક્ષી
(૩) જયંત નારલીકર (૪) મકરંદ દવે

**(૩૯) નર્મદનો જન્મ ક્યાં થયો હતો ?**
(૧) વડોદરા (૨) ભાવનગર
(૩) અમદાવાદ (૪) સુરત

**(૪૦) 'સોનાના વૃક્ષો' કોની કૃતિ છે ?**
(૧) મણિલાલ પટેલ (૨) મણિલાલ દ્વિવેદી
(૩) ચં. ચી. મહેતા (૪) કમલેશ જોશીપુરા

## જવાબ

**(૧) ૩ (૨) ૩ (૩) ૨ (૪) ૪ (૫) ૪ (૬) ૪ (૭) ૩ (૮) ૪ (૯) ૩ (૧૦) ૨ (૧૧) ૪ (૧૨) ૧ (૧૩) ૧ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૧ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૧ (૨૦) ૪ (૨૧) ૩ (૨૨) ૨ (૨૩) ૨ (૨૪) ૨ (૨૫) ૪ (૨૬) ૪ (૨૭) ૨ (૨૮) ૩ (૨૯) ૪ (૩૦) ૨ (૩૧) ૪ (૩૨) ૩ (૩૩) ૧ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૪ (૩૭) ૨ (૩૮) ૧ (૩૯) ૪ (૪૦) ૧**

**(૧) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) હોકીની રમતમાં ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર ૩.૬૫ મીટર હોય છે.
(૨) હોકીની સર્વોચ્ચ સંસ્થા ફેડરેશન ઈન્ટરનેશનલ ધ હોકી છે.
(૩) શૂટીંગ શબ્દ હોકી સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) 'સિઝર્સ' શબ્દ ફૂટબોલના રમત સાથે સંકળાયેલ છે.
(બ) પ્રથમ ફૂટબોલ વિશ્વકપ ૧૯૩૦માં ફ્રાન્સમાં રમાયો હતો.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૩) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) ૨૦૧૮નો ફુટબોલ વિશ્વકપ કતાર ખાતે યોજાનાર છે.
(૨) ફુટબોલની શરૂઆત ઈંગ્લેન્ડથી થઈ હતી.
(૩) પ્રથમ ફુટબોલ વિશ્વકપમાં વિજેતા ઉરૂગ્વે રહ્યું હતું.
(૪) ફુટબોલની રમતમાં મેદાનની લંબાઈ ૯૧ થી ૧૨૦ મીટર હોય છે.

**(૪) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) ક્રિકેટની રમતમાં દડાનું વજન ૧૫૬ થી ૧૬૮ ગ્રામ હોય છે.
(૨) પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ ૧૮૭૭માં રમાઈ હતી.
(૩) 'મિડ ઓન' શબ્દ ક્રિકેટની રમત સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૫) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) 'સેટ ઈન, વાલી, આઉટ' વગેરે શબ્દો લોન ટેનિસની રમત સાથે સંકળાયેલ છે.
(૨) લોન ટેનિસની રમત માટે 'વિમ્બલ્ડન ચેમ્પિયન શીપ' જુન-જુલાઈન સમય ગાળામાં રમાય છે.
(૩) 'ડ્યુસ, સ્મેશ, ડ્રોપ, ડબલ ફોલ્ટ, લેટ, સર્વિસ' વગેરે શબ્દો ટેબલ ટેનિસ રમત સાથે સંકળાયેલ છે.
(૪) પોલોની રમતમાં એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૪ હોય છે.

**(૬) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) ભારતમાં એટમિક એનર્જી કમીશનની સ્થાપના ઈ.સ. ૧૯૫૪માં થઈ હતી.
(૨) ઈંદિરા ગાંધી સેન્ટર ફોર એટમિક રીસર્ચ સેન્ટર કોલકત્તા ખાતે આવેલ છે.
(૩) યુરેનિયમ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. જાદુઘોડા ખાતે આવેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૭) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) નરોરા તાપ વિદ્યુત મથક ઉત્તર પ્રદેશમાં આવેલ છે.
(બ) ભારતીય રક્ષા ક્ષેત્રે DRDO ની સ્થાપના ૧૯૫૮માં કરવામાં આવી હતી..
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૮) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) પૃથ્વી મિસાઈલનું સૌ પ્રથમ પરીક્ષણ ૧૯૮૮માં ઓરિસ્સામાં ચાંદીપુર ખાતેથી થયું હતું.
(૨) અગ્નિ મિસાઈલની ખાસિયત એ છે કે મિસાઈલ છોડ્યા પછી વાતાવરણની બહાર જાય છે અને ફરી વાતાવરણમાં પ્રવેશ કરી લક્ષ્યને સાધે છે.
(૩) ત્રિશુલ મિસાઈલ એ એન્ટી ટેન્ક મિસાઈલ છે જે ટેંકોને શોધીને નાશ કરે છે.
(૪) આકાશ મિસાઈલ એ રમજેટ સિદ્ધાંતો પર કાર્ય કરનારી પ્રથમ ભારતીય મિસાઈલ છે.

**(૯) ભારતીય પ્રથમ હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલ કઈ ?**
(૧) સાગરિકા (૨) અસ્ત્ર
(૩) બ્રહ્મોસ (૪) શોર્ય

**(૧૦) નીચેનામાંથી કઈ મિસાઈલ ભારત અને રશિયાના સંયુક્ત પ્રયાસોથી વિકાસ પામી છે ?**
(૧) LCA (૨) સુખોઈ-૩૦
(૩) બ્રહ્મોસ (૪) પિનાક

**(૧૧) 'આનંદપ્રજા' ના રચયિતા ?**
(૧) બ.ક. ઠાકોર (૨) કુમારપાળ દેસાઈ
(૩) હિતેન્દ્ર જોષી (૪) નર્મદ

**(૧૨) 'યુગે યુગે' નાટકના લેખક ?**
(૧) નિરંજન ભગત (૨) હરિન્દ્ર દવે
(૩) રમેશ પારેખ (૪) પ્રહલાદ પારેખ

**(૧૩) ઝવેરચંદ મેઘાણીનું મૃત્યુ કઈ સાલમાં થયું ?**
(૧) ૧૯૭૨ (૨) ૧૯૭૩
(૩) ૧૯૮૬ (૪) ૧૯૪૭

**(૧૪) 'મોન્ટેસરી પદ્ધતિ' પુસ્તક કોનું રચિત છે ?**
(૧) ગિજુભાઈ બધેકા (૨) જયા મહેતા
(૩) વિનોદ ભટ્ટ (૪) રમેશ પારેખ

**(૧૫) 'મીણ માટીના માનવી' નો સાહિત્ય પ્રકાર ?**
(૧) પ્રવાસ નિબંધ (૨) લઘુ નવલ
(૩) નવલકથા (૪) નવલિકા

**(૧૬) સંશયના બે પર્યાયી આપો.**
(૧) શંકા, સંદેહ (૨) ડર, ભય
(૩) પવિત્ર, નિર્મળ (૪) એકપણ નહીં

**(૧૭) નીચેનામાંથી સમાનાર્થી શબ્દોનું કયું જોડકું સાચું છે ?**
(૧) સ્પૃશ - અસ્પૃશ્ય (૨) શ્રેષ્ઠ - નિમ્ન
(૩) બાહ્ય - આંતરિક (૪) ગિરિ - શૈલ

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**મનીષ શાહ**

**(૧૮) નીચેનામાંથી કઈ સંધિ સાચી નથી ?**
(૧) વિદ્યાભ્યાસ = વિદ્યા + અભ્યાસ
(૨) પૃથ્વી = પૃથુ + ઈ (૩) સદૈવ = સદૈ + એવ
(૪) હિમાલય = હિમ + આલય

**(૧૯) 'વનશ્રી' સમાસનો પ્રકાર જણાવો.**
(૧) કર્મધારય (૨) ઉપપદ
(૩) દ્વિગુ (૪) તત્પુરુષ

**(૨૦) 'સમાધિમાં સ્થિર રહેનાર' નો સમાસ જણાવો.**
(૧) ઉપપદ (૨) મધ્યમપદલોપી
(૩) તત્પુરુષ (૪) દ્વિગુ

**(૨૧) નીચેનામાંથી કયુ વિધાન યોગ્ય છે ?**
(૧) ૧ નેનોમીટર = $૧૦^{-૯}$ મીટર
(૨) 'નેનોટેકનોલોજી'નો પ્રથમ પ્રયોગ એરિક ડ્રેક્સલરે કર્યો હતો.
(૩) વિશ્વની સૌપ્રથમ ટેસ્ટ ટ્યૂબ બેબીનું નામ લૂઈસ બ્રાઉન હતું.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) સેન્ટર ફોર DNA ફિંગર પ્રિન્ટીંગ અને ડાઈગ્નોસ્ટીક નામની સંસ્થા હૈદરાબાદ ખાતે આવેલ છે.
(બ) સ્ટેમસેલ થેરાપીથી શરીરના જુદા જુદા કોષોનું નિર્માણ કરી શરીરના વિવિધ અંગોનું નિર્માણ થઈ શકે છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૩) વિશ્વમાં હ્યુમન ક્લોનીંગનો સૌ પ્રથમ ઉપયોગ ક્યાં વર્ષમાં થયો હતો ?**
(૧) ૧૯૯૮ (૨) ૧૯૯૬
(૩) ૧૯૯૨ (૪) ૧૯૯૭

**(૨૪) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) ભારતમાં સ્ટેમસેલ થેરાપીના પ્રણેતા ડો. ફિરોઝા પરીખ છે.
(૨) વિશ્વમાં સૌ પ્રથમ હ્યુમન ક્લોનિંગ ઈ.સ. ૧૯૯૭ના વર્ષમાં થયું હતું.
(૩) આધુનિક ગોલ્ફની સૌપ્રથમ શરૂઆત સ્કોટલેન્ડથી થઈ હતી.
(૪) 'ડ્રિબલ' શબ્દ ગોલ્ફની રમત સાથે સંકળાયેલ છે.

**(૨૫) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) બેઝબોલની એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૯ હોય છે.
(૨) 'ચેંજ, એક્ટિવ, ચેઝર' વગેરે જેવા શબ્દો ખો-ખોની રમત સાથે સંકળાયેલા છે.
(૩) 'ચેક મેટ, સ્ટેલમેટ, ગેમ્બીટ' વગેરે જેવા શબ્દો ચેસની રમત સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૨૬) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) 'કેનનસ' શબ્દ બિલિયર્ડસની રમત સાથે સંકળાયેલ છે.
(બ) 'ટાઈમકીપર' શબ્દ રાઈફલ શૂટીંગ સાથે સંકળાયેલ છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૭) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) 'બટર ફ્લાય' શબ્દ સ્વિમિંગની રમત સાથે સંકળાયેલ છે.
(૨) 'અપર કટ, નોક આઉટ' જેવા શબ્દો બોક્સિંગની રમત સાથે સંકળાયેલ છે.
(૩) મેરેથોન દોડ માટેનું અંતર ૪૨.૧૯૫ કિમી. હોય છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૮) 'યુરો' કપ કઈ રમત માટે રમાય છે ?**
(૧) હોકી (૨) ફૂટબોલ
(૩) લોન ટેનિસ (૪) ટેબલ ટેનિસ

**(૨૯) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) 'નહેરુ કપ' બાસ્કેટ બોલ માટે રમાય છે.
(૨) 'બુલ ફાઈટ' જાપાનની રાષ્ટ્રીય રમત છે.
(૩) રગ્બીના રમતના મેદાનને 'પિચ' કહે છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૩૦) 'બારામતી' સ્ટેડિયમ ક્યા આવેલ છે ?**
(૧) મુંબઈ (૨) કાનપુર
(૩) કટક (૪) બેંગ્લોર

**(૩૧) ઉત્પ્રેક્ષા અલંકારનું ઉદાહરણ શોધીને લખો.**
(૧) જીવનવાડી કરમાઈ ગઈ (૨) હૈયું જાણી હિમાલય
(૩) દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
(૪) તેનું રૂદન સાંભળીને દવાખાનામાંથી દિવાલો ધ્રુજી ઊઠી.

**(૩૨) ન દેવોનાં પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો - અલંકાર ઓળખાવો.**
(૧) રૂપક (૨) ઉત્પ્રેક્ષા
(૩) ઉપમા (૪) સ્વભાવોક્તિ

**(૩૩) 'સીધાં ચડાણ' એ કોની કૃતિ છે ?**
(૧) કરનશદાસ માણેક (૨) કનૈયાલાલ મુનશી
(૩) કાકાસાહેબ (૪) કિશોર જાદવ

**(૩૪) કયો અર્થાલંકાર નથી ?**
(૧) ઉત્પ્રેક્ષા (૨) અનન્વય
(૩) રૂપક (૪) યમક

**(૩૫) સાઠ વર્ષે ઉજવાતો ઉત્સવ ?**
(૧) સુવર્ણ મહોત્સવ (૨) રજત મહોત્સવ
(૩) હીરક મહોત્સવ (૪) ષષ્ટિપૂર્તિ

**(૩૬) ના મારે તુજ ભેટ બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ - છંદનો પ્રકાર જણાવો.**
(૧) પૃથ્વી (૨) મંદાક્રાંન્તા
(૩) મનહર (૪) શાર્દુલવિક્રીડીત

**(૩૭) અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?**
(૧) ચોપાઈ (૨) દોહરો
(૩) અનુષ્ટુપ (૪) સવૈયા

## જવાબ

**(૧) ૪ (૨) ૧ (૩) ૧ (૪) ૪ (૫) ૩ (૬) ૩ (૭) ૩ (૮) ૩ (૯) ૨ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૨ (૧૩) ૪ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૧ (૧૭) ૪ (૧૮) ૩ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૪ (૨૨) ૩ (૨૩) ૪ (૨૪) ૪ (૨૫) ૪ (૨૬) ૧ (૨૭) ૪ (૨૮) ૨ (૨૯) ૨ (૩૦) ૩ (૩૧) ૨ (૩૨) ૩ (૩૩) ૨ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૪**

**(૧) ગિરિજા - સમાનાર્થી શબ્દ આપો.**
(૧) શીતલ (૨) પર્વતીય
(૩) પાર્વતી (૪) ગિરિમથક

**(૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(૧) આધુનિક ઓલમ્પિકની રમતોનો પ્રારંભ ઈ.સ. ૧૮૯૬માં થયો હતો.
(૨) ભારતમાં ઈન્ડિયન ઓલમ્પિકની સ્થાપના ઈ.સ. ૧૯૩૪માં થઈ હતી.
(૩) IOC માં પ્રથમ અધ્યક્ષ ડિમિટ્રિયાસ વિકેલાસ હતા.
(૪) ઓલમ્પિક મુદ્રાલેખનો સૌપ્રથમવાર સ્વીકાર ૧૯૨૦માં થયો હતો.

**(૩) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) ઓલમ્પિકના ધ્વજના સર્કલમાં આવેલું પીળું સર્કલ આફ્રિકા ખંડનું પ્રતિનિધિત્વ કરે છે.
(બ) ઓલમ્પિક ધ્વજનો સૌપ્રથમ વાર સ્વીકાર બેલ્જિયમ ઓલમ્પિકમાં થયો હતો.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૪) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ઓલમ્પિક મશાલ પ્રજ્વલિત કરવાનું વર્તમાન સ્વરૂપ ૧૯૩૬ના બર્લિન ઓલમ્પિકથી શરુ થયું છે.
(૨) લંડન ઓલમ્પિક-૨૦૧૨ના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય ધ્વજવાહક તરીકે સુશીલકુમાર હતા.
(૩) લંડન ઓલમ્પિકમાં સૌથી વધુ મેડલ જીતનાર ખેલાડી માઈકલ ફેલ્પ્સ હતો.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૫) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) લંડન ઓલમ્પિક ૨૦૧૨માં સુશીલકુમારને ૫૧ કિ.ગ્રા. માં સિલ્વર મેડલ મળ્યો હતો.
(૨) ભારત તરફથી સૌપ્રથમ વખત ઓલમ્પિક રમતોમાં ભાગ લેનાર ખેલાડી નોમન પ્રિજાર્ડ હતો.
(૩) કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત ૧૯૩૦થી હેમિલ્ટનથી થઈ હતી.
(૪) હાલમાં કોમનવેલ્થ દેશોની સંખ્યા ૫૧ છે.

**(૬) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ઈ.સ. ૨૦૧૮માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ગોલ્ડ કોસ્ટ (ઓસ્ટ્રેલિયા)માં કરવામાં આવનાર છે.
(૨) કોમનવેલ્થ ગેમ્સ-૨૦૧૦માં ભારતને ૩૮ ગોલ્ડ મેડલ મળ્યા હતા.
(૩) એશિયન ગેમ્સ ફેડરેશનની સ્થાપના ઈ.સ. ૧૯૪૯માં દિલ્હી ખાતે થઈ હતી.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૭) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) Aristolte ને જીવ વિજ્ઞાનનો પિતા કહેવામાં આવે છે.
(બ) પુખ્તવયના વ્યક્તિના શરીરમાં કોષોની સંખ્યા $૨૦^{૧૪}$ હોય છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૮) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) રોબર્ટ હુક નામના વિજ્ઞાનિકે ૧૬૫૫માં બુચ નામની વનસ્પતિમાં સૌ પ્રથમ વખત કોષ જોયો હતો.
(૨) માનવ શરીરનો સૌથી નાનો કોષ રૂધિર હોય છે.
(૩) માનવ શરીરનો સૌથી મોટો કોષ ચેતાકોષ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૯) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) લાયસોઝોમ્સની શોધ ડી. ડુબે એ કરી હતી.
(૨) અત્યાર સુધીમાં સૌથી વધુ ઓલમ્પિક રમતોત્સવનું આયોજન કરનાર લંડન છે.
(૩) લંડન ઓલમ્પિકની ૨૦૧૨માં એમ.સી. મેરીકોમએ બોકસિંગમાં ૬૬ કિગ્રા. માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૧૦) વર્ષ-૨૦૧૦ નો એશિયન રમતોત્સવ ક્યાં યોજાયો હતો ?**
(૧) બ્રુસાન (૨) દોહા
(૩) ગ્વાગઝુ (૪) ઈન્ચિયોન

**(૧૧) પ્રથમ એશિયન રમતોત્સવ ક્યા યોજાયો હતો ?**
(૧) મનીલા (૨) દિલ્હી
(૩) બેંગકોક (૪) હિરોશીમા

**(૧૨) ભવિષ્યનો સંધિવિગ્રહ શું થશે ?**
(૧) ભો + ઈષ્ય (૨) ભવ + ઈષ્ય
(૩) ભૌ + ઈષ્ય (૪) ભે + ઈષ્ય

**(૧૩) પંકજ ક્યો સમાસ છે ?**
(૧) બહુવ્રીહિ (૨) અવ્યવીભાવ
(૩) ઉપપદ (૪) તત્પુરૂષ

**(૧૪) કઈ જોડણી ખોટી છે ?**
(૧) અર્થાત (૨) ભાગ્યવશાત
(૩) દંડવત (૪) ઉપરની બધી

**(૧૫) 'એક હાથે તાળી ના પડે' ની વિરોધી કહેવત કઈ છે ?**
(૧) સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય
(૨) ઝાઝી સુયાણીએ વેતર વંઠે
(૩) આપ સમાન બળ નહીં
(૪) આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય.

**(૧૬) 'આ ચિત્રો કોણે દોર્યા ?' વાક્યમાં 'કોણે' કર્તા પદ નીચે પૈકી ક્યું છે ?**
(૧) વિશેષણ (૨) કૃદંત
(૩) સર્વનામ (૪) સંજ્ઞા

જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
મનીષ શાહ

**(૧૭) 'અચ્છેર' ક્યો સમાસ છે ?**
(૧) દ્વિગુ (૨) ઉપપદ
(૩) અવ્યયીભાવ (૪) તત્પુરૂષ

**(૧૮) ભુજંગી છંદમાં કેટલા અક્ષરો હોય છે ?**
(૧) ૧૨ (૨) ૧૪
(૩) ૧૧ (૪) ૧૫

**(૧૯) 'કામિની કોકિલ કેલિકૂંજન કરે સાગરે ભાસતી ભવ્ય ભારતી' આ ક્યો છંદ છે ?**
(૧) જૂલણા (૨) મનહર
(૩) સવૈયા (૪) હરિગીત

**(૨૦) વાક્યમાં રહેલ ભૂલ શોધો - સાંજે છ વાગે જાહેર પુસ્તકાલય બંધ થાય છે.**
(૧) સાંજે છ (૨) વાગે
(૩) જાહેર પુસ્તકાલય (૪) બંધ થાય છે.

**(૨૧) વાક્યમાં રહેલ ભૂલ શોધો - કામ વેળાસર થાય તેજ અગત્યનું છે.**
(૧) કામ વેળાસર (૨) તેજ
(૩) અગત્યનું છે. (૪) ભૂલ નથી.

**(૨૨) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) અર્થશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર આપવાની શરૂઆત ૧૯૬૯થી થઈ હતી.
(૨) સૌથી નાની વયે નોબલ પ્રાઈઝ મેળવનાર લિયોનિદ હરક્વિઝ હતા.
(૩) વી. એસ. ન્યાયપોલને સાહિત્ય માટેનું નોબલ ૨૦૦૧માં મળ્યું હતું.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૩) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) રેમન મેગ્સેસે પુરસ્કાર ૧૯૫૮થી દર વર્ષે આપવામાં આવે છે.
(બ) રેમન મેગ્સેસે પુરસ્કાર દર વર્ષે ૩૧ ઓગષ્ટના રોજ પ્રદાન કરવામાં આવે છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૪) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ઓસ્કાર એવોર્ડ - ૧૯૨૯થી દર વર્ષે આપવામાં આવે છે.
(૨) ઓસ્કાર પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય મહિલા ભાનુ અથૈયા છે.
(૩) પુલિત્ઝરની પુરસ્કાર ઈ.સ. ૧૯૭૦થી આપવામાં આવે છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૫) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) ટેમ્પલટન પુરસ્કાર ઈ.સ. ૧૯૭૨થી આપવામાં આવે છે.
(૨) કલિંગ પુરસ્કાર વિજ્ઞાન માટે આપવામાં આવે છે.
(૩) મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર ઈ.સ. ૧૯૯૫થી આપવામાં આવે છે.
(૪) ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર દર વર્ષે ઈ.સ. ૧૯૮૪થી આપવામાં આવે છે.

**(૨૬) 'ધ ઈન હેરિટેન્સ ઓફ લોસ' કૃતિ માટે કોને મેન બુકર મળ્યો હતો ?**
(૧) કિરણ દેસાઈ (૨) અરવિંદ અડીગા
(૩) સલમાન રશ્દી (૪) અરૂંધતી રોય

**(૨૭) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) ૧૧ જુલાઈનો દિવસ વિશ્વ વસ્તી દિવસ તરીકે મનાવાય છે.
(બ) ઈથર ગરમીનો શ્રેષ્ઠ સંવાહક છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૮) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) ગુજરાતમાં શણના ઉત્પાદનમાં ડાંગ જિલ્લો આગળ પડતો છે.
(૨) 'કિમોથેરપી' ચામડીના રોગ સાથે સંકળાયેલ છે.
(૩) જયંત નારલિકર અંતરિક્ષ વિજ્ઞાન સાથે સંકળાયેલ છે.
(૪) ગ્રાફોલોજી આંકડાશાસ્ત્ર સાથે સંકળાયેલ છે.

**(૨૯) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ૭મી એપ્રિલ વિશ્વ આરોગ્ય દિન તરીકે ઉજવાય છે.
(૨) કોઈપણ વસ્તુનું પ્રતિબિંબ નેત્રપટલ ઉપર રચાય છે.
(૩) 'આરાબેઈલ' નામનું સ્થળ થોરિયમ સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૩૦) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) ચરબીને પચાવનાર ઘટક ઈન્સ્યુલિન છે.
(૨) 'રિંગ વર્મ' નામનો રોગ ફૂગથી થાય છે.
(૩) ન્યુમોનિયા રોગ ફેફસા સાથે સંબંધ ધરાવે છે.
(૪) નાઈટ્રોજન એ હવાનું સૌથી નિષ્ક્રીય ઘટક છે.

**(૩૧) એસ્કોબિંદુ એસિડ એટલે ક્યું વિટામીન ?**
(૧) એ (૨) બી
(૩) સી (૪) બી-૧

**(૩૨) નીચેના શબ્દોનો સમાનાર્થી શબ્દ જણાવો. - 'અંબર'**
(૧) મેઘાડંબર (૨) આકાશ
(૩) સાડી (૪) અંબાર

**(૩૩) નીચેના પૈકી ક્યા શબ્દની જોડણી સાચી છે ?**
(૧) ગણતરી (૨) ગણત્રી
(૩) ગિરફતાર (૪) ચુંટણી

**(૩૪) નીચેના પૈકી ક્યો શબ્દ 'ગંગા'નો સમાનાર્થી નથી ?**
(૧) કાલિન્દી (૨) જાહનવી
(૩) ભાગીરથી (૪) મંદાકિની

**(૩૫) 'ગાંધીની કાવડ'ના નવલકથાકાર...**
(૧) મકરંદ દવે (૨) કનૈયાલાલ મુનશી
(૩) હરીન્દ્ર દવે (૪) ગુણવંત શાહ

## જવાબ

**(૧) ૩ (૨) ૨ (૩) ૨ (૪) ૪ (૫) ૧ (૬) ૪ (૭) ૧ (૮) ૪ (૯) ૩ (૧૦) ૩ (૧૧) ૨ (૧૨) ૧ (૧૩) ૩ (૧૪) ૪ (૧૫) ૨ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૧ (૨૦) ૨ (૨૧) ૨ (૨૨) ૨ (૨૩) ૩ (૨૪) ૪ (૨૫) ૪ (૨૬) ૧ (૨૭) ૩ (૨૮) ૨ (૨૯) ૪ (૩૦) ૧ (૩૧) ૧ (૩૨) ૨ (૩૩) ૧ (૩૪) ૧ (૩૫) ૩**

**(૧) જ્યોતિન્દ્ર દવે એ કયું ઉપનામ રાખ્યું હતું ?**
(૧) અવળવાણિયો (૨) મુસિકાર
(૩) મરીચિ (૪)અદકપાંસળિયા

**(૨) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) પૃથ્વીની વાર્ષિક ગતિ એટલે પરિક્રમણ ગતિ
(૨) 'કલેમિડોનાસ' એ એક કોષી વનસ્પતિ છે.
(૩) પદાર્થની સ્થિતિમાં ફેરફાર કરનારી બાહ્ય અસરને તથા પદાર્થ પર લાગતા ધક્કા ખેંચાણને બળ કહે છે.
(૪) હોમિયોપેથીનું મૂળ જાપાનમાં હોવાનું મનાય છે.

**(૩) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) લોખંડને કાટ લાગતા $Fe_2O_3$ સંયોજન બને છે.
(બ) મલેરિયા રોગ એનોફિલિસ મચ્છરથી ફેલાય છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન ખોટા છે. (૪) બંને વિધાન સાચા છે.

**(૪) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) ગુહાઈ સિંચાઈ યોજના ભરૂચ જિલ્લામાં આવેલ છે.
(૨) ૨૭ સપ્ટેમ્બરને 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
(૩) રેડોન એ એક સક્રિય ગેસ છે.
(૪) વિધાન (૨) અને (૩) બંને સાચા છે.

**(૫) એક મિલી એમ્પિયર = કેટલા એમ્પિયર ?**
(૧) $૧૦^{-૪}$ (૨) $૧૦^{-૫}$
(૩) $૧૦^{-૩}$ (૪) $૧૦^{-૬}$

**(૬) પૃથ્વીની સપાટીથી ઉપરની તરફના વાતાવરણ વિસ્તારની ઓળખનો સાચો ચઢતો ક્રમ કયો હશે ?**
(અ) ટ્રોપોસ્ફિયર (બ) થરમોસ્ફિયર (ક) મેઝોસ્ફિયર
(ડ) સ્ટ્રેટોસ્ફીયર (ઈ) આયનોસ્ફિયર
(૧) અ, ડ, ક, બ, ઈ (૨) અ, બ, ક, ડ, ઈ
(૩) અ, ક, બ, ડ, ઈ (૪)અ, ડ, બ, ક, ઈ

**(૭) નીચેનામાંથી કયું વિધાનો અયોગ્ય છે ?**
(૧) છેલ્લો મરણોપરાંત ભારતરત્ન ગુલઝારીલાલ નંદાને આપ્યો હતો.
(૨) મધર ટેરેસાને ભારત રત્ન ઈ.સ. ૧૯૮૦માં મળ્યું હતું.
(૩) દાદા સાહેબ ફાળકે પુરસ્કાર કેન્દ્ર માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા અપાય છે.
(૪) ઉપરના બધા જ વિધાનો અયોગ્ય છે.

**(૮) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) જ્ઞાનપીઠ પુરસ્કાર ઈ.સ. ૧૯૭૫થી દર વર્ષે અપાય છે.
(બ) જ્ઞાનપીઠ પુરસ્કાર ઉદ્યોગપતિ શંકરપ્રસાદ જૈનની સ્મૃતિમાં અપાય છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૯) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) શાંતિ સ્વરૂપ ભટ્ટનાગર પુરસ્કાર વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં અપાય છે.
(૨) સાહિત્ય એકેડમી પુરસ્કાર ઈ.સ. ૧૯૫૫ થી દર વર્ષે આપવામાં આવે છે.
(૩) સરસ્વતિ સન્માન કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા સાહિત્ય ક્ષેત્રે યોગદાન આપનારને આ પુરસ્કાર આપવામાં આવે છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૧૦) રવિન્દ્ર પુરસ્કાર કયા રાજ્ય દ્વારા આપવામાં આવે છે ?**
(૧) પં.બંગાળ (૨) ત્રિપુરા
(૩) કલકત્તા (૪) મેઘાલય

**(૧૧) દ્રોણાચાર્ય પુરસ્કાર કયા વર્ષથી આપવામાં આવે છે ?**
(૧) ૧૯૮૫ (૨) ૧૯૯૫
(૩) ૧૯૮૧ (૪) ૧૯૮૫

**(૧૨) નીચેનામાંથી કયું જોડકું બંધબેસતું નથી ?**
(૧) 'આદિકવિ' - નરસિંહ મહેતા
(૨) 'કવિ શિરોમણી' - પ્રેમાનંદ
(૩) 'ગરબીઓના કવિ' - દયારામ
(૪) 'ગુજરાતી સોનેટના પિતા' - 'સુંદરમ'

**(૧૩) તસલિમા નસરીને લખેલી બહુચર્ચિત અને વિવાદાસ્પદ નવલકથા કઈ છે ?**
(૧) ફેરો (૨) લજ્જા
(૩) પેરાલિસિસ (૪) પિંજર

**(૧૪) 'શાલભંજિકા' નું સમાનાર્થી આપો.**
(૧) તલ જેટલી (૨) શાલ ઓઢેલી
(૩) ગણિકા (૪) આકરી પરીક્ષા

**(૧૫) 'કમળનયન' - આ કયો સમાસ છે ?**
(૧) કર્મધારય (૨) બહુવ્રીહિ
(૩) મધ્યમપદલોપી (૪) તત્પુરુષ

**(૧૬) નીચેનામાંથી દ્વિરૂક્ત શબ્દ કયો છે ?**
(૧) ડબડબ (૨) ફફડાટ
(૩) ખૂણેખૂણે (૪) ખદખદ

**(૧૭) સિંધુ ખીણની સંસ્કૃતિના ભાગરૂપે મળી આવેલ રોઝડી કયા જિલ્લામાં આવેલ છે ?**
(૧) સુરેન્દ્રનગર (૨) કચ્છ
(૩) અમદાવાદ (૪) રાજકોટ

**(૧૮) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) જીનથેરાપીનો ઉપયોગ વારસાગત રોગ માટે થાય છે.
(બ) વંધ્યત્વ માટે વિટામીન-ડી જવાબદાર છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે.
(૪) બંને વિધાન ખોટા છે.

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**મનીષ શાહ**

**(૧૯) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) 'પાઈસમ સેટાઈવમ' એ વટાણાનું વૈજ્ઞાનિક નામ છે.
(૨) 'મુરાહ' એ ગાયની એક જાતિ છે.
(૩) માટી વગર છોડ ઉગડવાની પદ્ધતિનો 'હાઈડ્રોપોનિક' કહે છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૨૦) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) પહેલીવાર પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર હર્ડિનાન્ડ મેગેલન હતો.
(૨) $CH_3COOC_2H_5$ એ ઈથાઈલ એસિટેટનું અણુસૂત્ર છે.
(૩) રિકેટસ રોગ વિટામીન - ડીની ઉણપથી થાય છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૧) કયા દિવસને 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?**
(૧) ૨૭ ઓગષ્ટ (૨) ૨૭ સપ્ટેમ્બર
(૩) ૨૭ ઓક્ટોબર (૪) ૨૭ ડિસેમ્બર

**(૨૨) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) માનવ કલ્યાણના ક્ષેત્રે ઉમદા કાર્ય બદલ જયભિખ્ખુ પુરસ્કાર આપવામાં આવે છે.
(૨) જળ સેનાને ૭ કમાન્ડમાં વહેંચવામાં આવેલું છે.
(૩) થલ સેનામાં લેફટેનન્ટ કર્નલની જગ્યાએ વાયુસેનામાં વિંગ કમાન્ડર હોય છે.
(૪) વાયુ સેનાનું દક્ષિણ કમાન્ડનું સ્થળ તિરૂવન્તપુરમમાં આવેલ છે.

**(૨૩) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) નેશનલ સિક્યુરીટી ગાર્ડની સ્થાપના ૧૯૮૪માં થઈ હતી.
(બ) BSF ની સ્થાપના ૧૯૬૫માં થઈ હતી.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે.
(૪) બંને વિધાન ખોટા છે.

**(૨૪) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) કર્મભૂમિ સમાધિ સ્થળ શંકરદયાળ શર્માનું છે.
(૨) 'ઈન્દિરા ગાંધી રીટર્નસ' પુસ્તક આર. કે. નારાયણનું છે.
(૩) 'ડેફ ઓફ ધ સિટિઝ' પુસ્તક સરદાર ખુશવંતસિંહનું છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૫) 'લૉંગ વોક ટુ ફ્રિડમ' પુસ્તક કોનું છે ?**
(૧) નેલ્સન મંડેલા (૨) વી. એસ. ન્યાયપોલ
(૩) મોરારજી દેસાઈ (૪) શરદચંદ્ર ચટોપાધ્યાય

**(૨૬) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) મલેશિયાની સંસદનું નામ 'દિવાન નિગારા' છે.
(૨) અફઘાનિસ્તાનની સંસદનું નામ 'શોરા' છે.
(૩) જાપાની સંસદનું નામ 'ડાયટ' છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૭) પાવક શબ્દનો યોગ્ય વિરોધી લખો.**
(૧) પવિત્ર (૨) પુણ્ય
(૩) અગ્નિ (૪) અપવિત્ર

**(૨૮) 'હરિહર મુજને હરી ગયો' પંક્તિ કયા કવિની છે ?**
(૧) રમેશ પારેખ (૨) નિરંજન ભગત
(૩) રાજેન્દ્ર શાહ (૪) ન્હાનાલાલ

**(૨૯) નીચેના ધ્વનિઓમાંથી કયો અર્ધસ્વર નથી ?**
(૧) લ્ (૨) ઝ્
(૩) વ્ (૪) ય્

**(૩૦) 'ભદ્રંભદ્ર' નવલકથાના મુખ્ય પાત્રનું નામ જણાવો ?**
(૧) અંબારામ (૨) મગન
(૩) પ્રસન્નમન શંકર (૪) ભદ્રંભદ્ર

**(૩૧) 'સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મહાલે' આ પંક્તિ કોની છે ?**
(૧) આદિલ મંસુરી (૨) રમેશ પારેખ
(૩) અનિલ જોશી (૪) વિનોદ જોશી

**(૩૨) નગરપાલિકાની રચના માટે કેટલી વસતિ હોવી આવશ્યક છે ?**
(૧) પંદર હજારથી વધારે અને ત્રણ લાખથી ઓછી
(૨) પંદર હજારથી ઓછી અને સાત હજારથી વધુ
(૩) પંદર હજારથી વધારે અને સાત લાખથી વધુ
(૪) ત્રણ લાખથી વધુ અને સાત લાખથી ઓછી

**(૩૩) મહાનગરપાલિકાના મેયરની ચૂંટણી દર કેટલા વર્ષે થાય છે ?**
(૧) પાંચ (૨) બે
(૩) ત્રણ (૪) અઢી

**(૩૪) નીચેનામાંથી સમાનાર્થીનું કયું જોડકું ખોટું છે ?**
(૧) ખમીર - તાકાત (૨) વાણોતર - રાહગીર
(૩) સુરવાલ - પાયજામો (૪) ઓસાણ - સ્મૃતિ

**(૩૫) નીચેનામાંથી વિરુદ્ધાર્થીનું કયું જોડકું ખોટું છે ?**
(૧) રાણો - મૂર્ખ (૨) બંધન - નારાજગી
(૩) મોંઘી - સોંઘી (૪) આશિષ - શાપ

**(૩૬) ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ કેટલા ભાગમાં વહેંચાયેલો છે ?**
(૧) બે (૨) ચાર
(૩) ત્રણ (૪) પાંચ

**(૩૭) ગુજરાતમાંથી જીપ્સમ ક્યાંથી મળી આવે છે ?**
(૧) જામનગર (૨) જૂનાગઢ
(૩) કચ્છ (૪) (૧) અને (૨) બંને

**(૩૮) કઈ બે નદીઓ વચ્ચેનો પ્રદેશ કાનમ પ્રદેશ તરીકે ઓળખાય છે ?**
(૧) મહી અને શેત્રુંજી (૨) મહી અને ઢાઢર
(૩) મહી અને નર્મદા (૪) મહી અને સાબરમતી

## જવાબ

**(૧) ૧ (૨) ૪ (૩) ૪ (૪) ૪ (૫) ૩ (૬) ૧ (૭) ૧ (૮) ૪ (૯) ૪ (૧૦) ૨ (૧૧) ૧ (૧૨) ૪ (૧૩) ૨ (૧૪) ૩ (૧૫) ૨ (૧૬) ૩ (૧૭) ૪ (૧૮) ૧ (૧૯) ૨ (૨૦) ૪ (૨૧) ૨ (૨૨) ૨ (૨૩) ૩ (૨૪) ૧ (૨૫) ૧ (૨૬) ૪ (૨૭) ૩ (૨૮) ૪ (૨૯) ૧ (૩૦) ૪ (૩૧) ૩ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૨ (૩૫) ૨ (૩૬) ૩ (૩૭) ૪ (૩૮) ૨**

**(૧) ચાવડા વંશના રાજવીઓનો સાચો ક્રમ કયો છે ?**
(૧) વનરાજ, યોગરાજ, ક્ષેમરાજ, ભુવડ, રત્નાદિત્ય સામંતસિંહ
(૨) વનરાજ, ક્ષેમરાજ, રત્નાદિત્ય, યોગરાજ, ભુવડ, સામંતસિંહ
(૩) વનરાજ, ભુવડ, ક્ષેમરાજ, રત્નાદિત્ય, યોગરાજ, સામંતસિંહ
(૪) વનરાજ, ભુવડ, યોગરાજ, ક્ષેમરાજ, રત્નાદિત્ય, સામંતસિંહ

**(૨) નીચે આપેલ તાલુકાઓને જિલ્લાઓ સાથે યોગ્ય રીતે જોડો.**

| અ. | બ. |
|---|---|
| (અ) કાંકરેજ | (અ) નર્મદા |
| (બ) મેઘરજ | (બ) સાબરકાંઠા |
| (ક) જંબુસર | (ક) અરવલ્લી |
| (ડ) સાગબારા | (ડ) બનાસકાંઠા |
| (ઈ) વિજયનગર | (ઈ) ભરૂચ |

(૧) ડ, ઈ, અ, બ, ક (૨) અ, બ, ક, ડ, ઈ
(૩) ઈ, ડ, ક, બ, અ (૪) ડ, ક, ઈ, અ, બ

**(૩) અંબાપુરની વાવ ક્યા જિલ્લામાં આવેલ છે ?**
(૧) સાબરકાંઠા (૨) ગાંધીનગર
(૩) મહેસાણા (૪) જૂનાગઢ

**(૪) ગુહાઈ બંધ ક્યા જિલ્લામાં આવેલ છે ?**
(૧) અરવલ્લી (૨) સાબરકાંઠા
(૩) નર્મદા (૪) ડાંગ

**(૫) જલાલપોર અને ઑંજલ બંદરો ક્યા જિલ્લામાં આવેલ છે ?**
(૧) નવસારી (૨) ભાવનગર
(૩) અમરેલી (૪) ગીર સોમનાથ

**(૬) ઉપરકોટનો કિલ્લો ક્યાં આવેલ છે ?**
(૧) જામનગર (૨) જૂનાગઢ
(૩) મોરબી (૪) બોટાદ

**(૭) પ્રાચીન સમયમાં જેઠવાવંશની રાજધાની કઈ હતી ?**
(૧) ઢાંક (૨) અંકલેશ્વર
(૩) ઘુમલી (૪) પંચાસર

**(૮) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી ?**
(૧) ૧૯૭૧ (૨) ૧૯૭૨
(૩) ૧૯૭૪ (૪) ૧૯૭૬

**(૯) 'સ્વર્ણિમ સૂર્યતીર્થ' નામનો સોલાર પાર્ક ક્યા જિલ્લામાં આવેલ છે ?**
(૧) બનાસકાંઠા (૨) મહેસાણા
(૩) પાટણ (૪) સાબરકાંઠા

**(૧૦) ગુજરાતમાં ગઢવાળા નામનો પ્રદેશ ક્યાં આવેલ છે ?**
(૧) બેચરાજીથી વિરગામ સુધીનો પ્રદેશ
(૨) કડી તથા તેની આજુબાજુનો પ્રદેશ
(૩) કડીથી કલોલ તાલુકો
(૪) સતલાસણા તાલુકા આજુબાજુનો પ્રદેશ

**(૧૧) નીનેઈ ધોધ રાજપીપળા ખાતે આવેલ છે ?**
(૧) નર્મદા (૨) વલસાડ
(૩) નવસારી (૪) અમરેલી

**(૧૨) કઈ નગરપાલિકા દર વર્ષે ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા યોજે છે ?**
(૧) જૂનાગઢ (૨) જામનગર
(૩) ગાંધીનગર (૪) સુરત

**(૧૩) ગુજરાતમાં વાઘેલા વંશનો સમયગાળો કયો હતો ?**
(૧) ઈ.સ. ૧૨૪૪ થી ૧૩૯૪
(૨) ઈ.સ. ૭૪૬ થી ૯૪૨
(૩) ઈ.સ. ૧૨૪૪ થી ૧૩૯૬
(૪) ઈ.સ. ૭૪૬ થી ૯૪૪

**(૧૪) વાઘેલા વંશના રાજાઓના શાસનકાળનો સાચો ક્રમ કયો છે ?**
(૧) વિશલદેવ, અર્જુનદેવ, રામદેવ, સારંગદેવ, કર્ણદેવ
(૨) વિશલદેવ, સારંગદેવ, અર્જુનદેવ, રામદેવ, કર્ણદેવ
(૩) વિશલદેવ, રામદેવ, સારંગદેવ, અર્જુનદેવ, કર્ણદેવ
(૪) વિશલદેવ, સારંગદેવ, રામદેવ, અર્જુનદેવ, કર્ણદેવ

**(૧૫) ઈ.સ. ૧૯૨૮માં અંગ્રેજ સરકારે બારડોલીના ખેડૂતો પર કેટલા ટકા કરવેરો વધારવામાં આવ્યો હતો ?**
(૧) ૨૧ ટકા (૨) ૨૨ ટકા
(૩) ૨૦ ટકા (૪) ૨૩ ટકા

**(૧૬) આરઝી હકૂમતની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?**
(૧) ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭
(૨) ૨૫ ઓક્ટોબર, ૧૯૪૭
(૩) ૨૫ ઓગષ્ટ, ૧૯૪૭
(૪) ૨૫ ડિસેમ્બર, ૧૯૪૭

**(૧૭) આરઝી હકૂમત સમયે લોકસેવાના સરસેનાપતિ પદે કોની વરણી કરવામાં આવી હતી ?**
(૧) શ્રી નિલમ બૂચે (૨) ગુરુદયાલસિંહ
(૩) રતુભાઈ અદાણી (૪) શામળદાસ ગાંધી

**(૧૮) આર્ય સમાજની સ્થાપના ક્યારે થઈ હતી ?**
(૧) ૧૮૭૪ (૨) ૧૮૭૫
(૩) ૧૮૨૪ (૪) ૧૮૮૩

**(૧૯) ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન ક્યા જિલ્લામાં થાય છે ?**
(૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા
(૩) મહેસાણા (૪) ગાંધીનગર

**(૨૦) ગુજરાતમાં સૌ પ્રથમ પાતાળ કૂવો ક્યાં બન્યો હતો ?**
(૧) મહેસાણા (૨) વડોદરા
(૩) સુરેન્દ્રનગર (૪) રાજકોટ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૧) ગુજરાતમાં એકમાત્ર આર.પી.એફ.નું તાલીમ કેન્દ્ર આવેલ છે ?**
(૧) નવસારી (૨) વડોદરા
(૩) વલસાડ (૪) સુરત

**(૨૨) 'કેશોદ' ક્યા જિલ્લામાં આવેલ છે ?**
(૧) જૂનાગઢ (૨) જામનગર
(૩) કચ્છ (૪) સુરેન્દ્રનગર

**(૨૩) નીચેના વાક્યોમાંથી પ્રેરકવાક્ય રચનાનો વિકલ્પ શોધો.**
(૧) શિક્ષક લખે છે. (૨) શિક્ષક લખવ્યું છે
(૩) શિક્ષક લખાવે છે. (૪) શિક્ષક લખી રહ્યો છે.

**(૨૪) આધુનિક સર્જક કોણ નથી ?**
(૧) સુરેશ જોષી (૨) કિશોર જાદવ
(૩) મધુરાય (૪) દલપતરાય

**(૨૫) શબ્દસૃષ્ટિ માટે એક શબ્દ આપો : 'ઈંટનો ટૂકડો'**
(૧) પથ્થર (૨) રોડો
(૩) ઢેખાળો (૪) ઈંડોડી

**(૨૬) 'નવરાત્રિ' કયો સમાસ થાય ?**
(૧) દ્વિગુ (૨) દ્વંદ્વ
(૩) ઉપપદ (૪) કર્મધારય

**(૨૭) 'એમનું હતું હૃદય કામવિષે ડૂબેલું' - અલંકાર ઓળખાવો.**
(૧) વ્યાજસ્તુત (૨) શ્લેષ
(૩) સ્વભાવોક્તિ (૪) અનન્વય

**(૨૮) સુલોચનાને શિર અંધ સ્વામી - છંદ કયો છે ?**
(૧) તોટક (૨) ભુજંગી
(૩) ઈન્દ્રવજ્રા (૪) ઉપેન્દ્રવજ્રા

**(૨૯) આ કુટેવ તમારે છોડી દેવાની છે - કૃદંત ઓળખાવો.**
(૧) સંબંધક (૨) હેત્વર્થ
(૩) વિધ્યર્થ (૪) વર્તમાન

**(૩૦) આવકવેરો કયો સમાસ છે ?**
(૧) તત્પુરુષ (૨) કર્મધારય
(૩) બહુવ્રીહિ (૪) મધ્યમપદલોપી

**(૩૧) નીચેનામાંથી કઈ ભાવવાચક સંજ્ઞા નથી ?**
(૧) હાસ્ય (૨) માતૃત્વ
(૩) વત્સલ (૪) સુગંધ

**(૩૨) 'અપજશ'માં કેવો સમાસ સમાયેલો છે ?**
(૧) બહુવ્રીહિ (૨) દ્વિગુ
(૩) તત્પુરુષ (૪) મધ્યમપદલોપી

**(૩૩) પૃથ્વીની સૌથી નજીકના તારાના પ્રકાશને પૃથ્વી પર પહોંચતા કેટલો સમય લાગે છે ?**
(૧) ૮ મિનીટ ૧૦ સેકન્ડ (૨) ૯ મિનીટ ૪૫ સેકન્ડ
(૩) ૮ મિનીટ ૧૫ સેકન્ડ (૪) ૧૧ મિનીટ ૩૦ સેકન્ડ

**(૩૪) લોહી શુદ્ધિ માટે અગત્યનું વિટામીન કયું છે ?**
(૧) બી (૨) સી
(૩) એ (૪) ડી

**(૩૫) સોડિયમની સંજ્ઞા કઈ છે ?**
(૧) CO (૨) NA
(૩) SOL (૪) એક પણ નહિ

**(૩૬) ૧૦૦ W ના એક બલ્બને ૧૦ કલાક સુધી ચાલુ રાખતા કેટલા યુનિટ વિદ્યુત ઉર્જા વપરાશે ?**
(૧) ૩ યુનિટ (૨) ૫ યુનિટ
(૩) ૬ યુનિટ (૪) ૧ યુનિટ

**(૩૭) ટૂંકાગાળાની સ્મૃતિ માટે સમયગાળો સામાન્ય રીતે કેટલો ગણવામાં આવે છે ?**
(૧) ૪૦ સેકન્ડ (૨) ૫૦ સેકન્ડ
(૩) ૨૦ સેકન્ડ (૪) ૧૦ સેકન્ડ

**(૩૮) નીચેનામાં કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) ૧૫ જાન્યુઆરીનો દિવસ ભારતીય આર્મી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(૨) ૨૨ માર્ચનો દિવસ વિશ્વ જળદિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(૩) ૧૩ મે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(૪) ૩ માર્ચનો દિવસ રાષ્ટ્રીય સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

**(૩૯) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) ૮ સપ્ટેમ્બરનો દિવસ વિશ્વ સાક્ષરતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(બ) ૯ નવેમ્બરનો દિવસ વિશ્વ ટપાલ તરીકે ઉજવવામાં આવે છે.
(૧) વિધાન (અ) સાચુ અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે.
(૪) બંને વિધાન ખોટા છે.

**(૪૦) નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?**
(૧) ભારતનું પ્રથમ દૂરદર્શન કેન્દ્ર નવી દિલ્લી ખાતે હતું.
(૨) ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર સુકુમાર સેન હતા.
(૩) ભારતનું પ્રથમ વિમાનવાહક જહાજ INS વિક્રાંત હતું.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૪૧) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) ભારતનું પ્રથમ પરમાણું કેન્દ્ર તારાપુર હતું.
(૨) ભારતના પ્રથમ મહિલા સાંસદ રાધાબાઈ સુબારાયન હતા.
(૩) ભારતનું પ્રથમ પરમાણુ સબમરીન INS કાવેરી હતું.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૪૨) ક્યા દિવસને રાષ્ટ્રીય કાયદા દિન તરીકે ઉજવવામાં આવે છે ?**
(૧) ૨૬ નવેમ્બર (૨) ૨૫ નવેમ્બર
(૩) ૨૩ ડિસેમ્બર (૪) ૨૪ ઓક્ટોબર

## જવાબ

**(૧) ૧ (૨) ૪ (૩) ૨ (૪) ૨ (૫) ૧ (૬) ૨ (૭) ૩ (૮) ૨ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૪ (૧૩) ૧ (૧૪) ૧ (૧૫) ૨ (૧૬) ૧ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૩ (૨૨) ૧ (૨૩) ૩ (૨૪) ૪ (૨૫) ૨ (૨૬) ૧ (૨૭) ૨ (૨૮) ૪ (૨૯) ૩ (૩૦) ૪ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૩ (૩૪) ૨ (૩૫) ૨ (૩૬) ૪ (૩૭) ૩ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૪ (૪૧) ૩ (૪૨) ૧**

**(૧) મધ્યકાલીન સાહિત્યમાં મુખ્યત્વે કયો વિષય જોવા મળે છે ?**
(૧) ધર્મ (૨) અર્થ
(૩) કામ (૪) મોક્ષ

**(૨) શામળે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને કયા સ્વરૂપથી જીવંત રાખ્યું છે ?**
(૧) આખ્યાન (૨) ઉપમા
(૩) પદ્યવાર્તા (૪) ફાગુ

**(૩) નીચે આપેલ સમાનાર્થીનું કયું જોડકું યોગ્ય નથી ?**
(૧) જળ - પાણી (૨) પંખી - પક્ષી
(૩) જન - માણસ (૪) ભૂમિ - નભ

**(૪) 'ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસે રાખી' આ પંક્તિનો છંદ જણાવો.**
(૧) શિખરિણી (૨) મંદાક્રાંતા
(૩) સ્ત્રગ્ધરા (૪) શાર્દૂલવિક્રીડિત

**(૫) ઉપરાષ્ટ્રપતિ મહત્તમ કેટલા મહિના સુધી રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરી શકે છે ?**
(૧) ત્રણ (૨) ચાર
(૩) છ (૪) બાર

**(૬) 'ગુલાબદાની' કયો સમાસ છે ?**
(૧) તત્પુરુષ (૨) ઉપપદ
(૩) મધ્યમપદલોપી (૪) કર્મધારય

**(૭) ના રાજગાદી પંથ કંટકોનો - કયો અલંકાર છે ?**
(૧) અપહ્નુતિ (૨) અન્યોક્તિ
(૩) વિરોધાભાસ (૪) શ્લેષ

**(૮) નીચેનામાંથી કયો છંદ સંખ્યામેળ નથી ?**
(૧) ઝૂલણાં (૨) સ્ત્રગ્ધરા
(૩) મનહર (૪) અનુષ્ટુપ

**(૯) પાને પાને પોઠી રાત, તળાવ જપ્યું કહેતાં વાત - કયો છંદ છે ?**
(૧) દોહરો (૨) સવૈયા
(૩) હરિગીત (૪) ચોપાઈ

**(૧૦) જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જાશે - કયો છંદ છે ?**
(૧) હરિગીત (૨) મનહર
(૩) ભુજંગી (૪) આપેલમાંથી એકેય નહીં

**(૧૧) નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે ?**
(૧) બાલાજી બાજીરાવ નાના સાહેબ તરીકે ઓળખાતો હતો
(૨) ડેનિસ ઈસ્ટ ઈન્ડીયા કંપનીની સ્થાપના ૧૬૦૦માં થઈ હતી.
(૩) કાયમી જમાબંધી ઈ.સ. ૧૭૯૩માં કોર્નવોલિસ દ્વારા લાગુ કરવામાં આવી હતી.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૧૨) સ્વામિ વિવેકાનંદનું મૃત્યુ કઈ સાલમાં થયું હતું ?**
(૧) ૧૯૬૩ (૨) ૧૯૦૦
(૩) ૧૯૦૨ (૪) ૧૯૦૫

**(૧૩) કોંગ્રેસનું પ્રથમ અધિવેશન ક્યાં ભરાયું હતું ?**
(૧) મુંબઈ (૨) કલકત્તા
(૩) મદ્રાસ (૪) અમદાવાદ

**(૧૪) મુસ્લીમ લીગની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?**
(૧) ૧૯૦૫ (૨) ૧૯૦૬
(૩) ૧૯૦૭ (૪) ૧૯૦૮

**(૧૫) 'સાયમન કમિશન' કઈ સાલમાં ભારત આવ્યું હતું ?**
(૧) ૧૯૧૯ (૨) ૧૯૨૦
(૩) ૧૯૩૦ (૪) ૧૯૨૮

**(૧૬) સૌરમંડળમાં પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ કયો છે ?**
(૧) બુધ (૨) ગુરૂ
(૩) શનિ (૪) શુક્ર

**(૧૭) 'ગેનીમીડ' ઉપગ્રહ કયા ગ્રહનો છે ?**
(૧) મંગળ (૨) શનિ
(૩) ગુરૂ (૪) યુરેનસ

**(૧૮) કયા દેશમાં આવતી ઠંડી હવાઓ 'સીસ્તાન' ના નામે ઓળખાય છે ?**
(૧) અલાસ્કાં (૨) ઈરાન
(૩) આર્જેન્ટિના (૪) સ્પેન

**(૧૯) 'યાંગત્સેકયાંગ' કયા ખંડની સૌથી લાંબી નદી છે ?**
(૧) એશિયા (૨) આફ્રિકા
(૩) યુરોપ (૪) ઓસ્ટ્રેલિયા

**(૨૦) ૧° અંતર કાપવા પૃથ્વીને કેટલો સમય લાગે છે ?**
(૧) ૫ મિનિટ (૨) ૪ મિનિટ
(૩) ૬ મિનિટ (૪) ૮ મિનિટ

**(૨૧) 'જક્કલા' પાત્ર કઈ કૃતિમાં આવે છે ?**
(૧) પૃથ્વીવલ્લભ (૨) વૃક્ષ
(૩) જક્ષણી (૪) સ્ત્રી કેળવણી

**(૨૨) કરશનદાસ માણેકનો જન્મ કયા થયો હતો ?**
(૧) કરાંચી (૨) ઈસ્લામાબાદ
(૩) ડુંગરપુર (૪) મુંબઈ

**(૨૩) 'અંજળ' કયો સમાસ છે**
(૧) દ્વન્દ્વ (૨) દ્વિગુ
(૩) તત્પુરુષ (૪) અવ્યયીભાવ

**(૨૪) 'બસ તો મળે જ' વાક્યમાં 'તો' ....... છે ?**
(૧) સંયોજક (૨) કેવળપ્રયોગ
(૩) નિપાત (૪) નામયોગી

**(૨૫) 'કૃતાર્થ' કયા પ્રકારનો સમાસ છે ?**
(૧) કર્મધારય (૨) ઉપપદ
(૩) બહુવ્રીહિ (૪) તત્પુરુષ

**(૨૬) ભાવનગર જિલ્લાના કયા સ્થળેથી પ્રાગ ઐતિહાસિક સમયના હાથી અને એકશુંગી જેવા પ્રાણીઓના અશ્મિઓ મળી આવ્યા છે ?**
(૧) અલિયાબેટ (૨) પીરમબેટ
(૩) જેગરીબેટ (૪) ગોપનાથ

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**મનીષ શાહ**

**(૨૭) ગુજરાતના કયા મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે રાજ્યનું નવું પાટનગર ગાંધીજીના નામથી ગાંધીનગર તરીકે ઓળખાશે ?**
(૧) બળવંતરાય મહેતા (૨) રસિકલાલ પરીખ
(૩) ઉચ્છરંગરાય ઢેબર (૪) જીવરાજ મહેતા

**(૨૮) ગુજરાતનું સૌથી મોટું અભ્યારણ્ય કયું છે ?**
(૧) નળસરોવર પક્ષી અભ્યારણ્ય
(૨) કચ્છ રણ અભ્યારણ્ય
(૩) કાળીયાર અભ્યારણ્ય
(૪) જેસોર રીંછ અભ્યારણ્ય

**(૨૯) બંધારણમાં ભાગ ૪(ક) અને ભાગ ૧૪(ક) કેટલામાં બંધારણીય સુધારા દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવ્યા ?**
(૧) ૪૨મા (૨) ૭૪મા
(૩) ૫૧મા (૪) ૬૮મા

**(૩૦) બંધારણીય સુધારો બાબત કયા અનુચ્છેદ હેઠળ આવે છે ?**
(૧) ૩૪૩ (૨) ૩૬૮
(૩) ૩૫૧ (૪) ૩૦૮

**(૩૧) બંધારણના ભાગ ૩માં કયા વિષયનો સમાવેશ થાય છે ?**
(૧) મૂળભૂત અધિકારો (૨) મૂળભૂત ફરજો
(૩) સંઘ સરકાર (૪) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**(૩૨) કવિ કલાપીની જન્મભૂમિ કઈ હતી ?**
(૧) લાઠી (૨) ધારી
(૩) પીપાવાવ (૪) જાફરાબાદ

**(૩૩) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ક્યાં આવેલી છે ?**
(૧) મહેસાણા (૨) પાટણ
(૩) આણંદ (૪) સુરત

**(૩૪) ભારતમાં એકમાત્ર કુંતા માતાનું મંદિર ક્યાં આવેલ છે ?**
(૧) બહુચરાજી (૨) ઐઠોર
(૩) આસજોલ (૪) વિસનગર

**(૩૫) ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર કયા આવેલ છે ?**
(૧) હજીરા (૨) ટ્રોમ્બે
(૩) મુંબઈ (૪) પુણે

**(૩૬) લેસર કિરણોની શોધ કયા વર્ષમાં થઈ હતી ?**
(૧) ૧૯૬૪ (૨) ૧૯૬૦
(૩) ૧૯૬૧ (૪) ૧૯૬૮

**(૩૭) આધુનિક રોકેટના જનક કોને ગણવામાં આવે છે ?**
(૧) લિસ્ટર (૨) ડેમ્લબર
(૩) વિનફિલ્ડ (૪) ગોડાર્ડ

**(૩૮) કરોળીયાને કેટલી આંખો હોય છે ?**
(૧) ૨ (૨) ૪
(૩) ૬ (૪) ૮

**(૩૯) એમ.કે.એસ. પદ્ધતિમાં કાર્યનો એકમ કયો છે ?**
(૧) જૂલ (૨) એમ્પિયર
(૩) હોર્સ પાવર (૪) યુનિટ

**(૪૦) એસ્કોર્બિક એસિડ એટલે કયું વિટામીન ?**
(૧) બી-૧૨ (૨) એ
(૩) સી (૪) બી

**(૪૧) હીરાનો એક કેરેટ કેટલા મિલિગ્રામ બરાબર હોય છે ?**
(૧) ૧૦૦ એમ.એલ. (૨) ૩૦૦ એમ.એલ.
(૩) ૨૦૦ એમ.એલ. (૪) ૪૦૦ એમ.એલ.

**(૪૨) કમ્પ્યુટર બંધ કરતા ... માંની માહિતી નાશ પામે છે ?**
(૧) હાર્ડડીસ્ક (૨) રોમ
(૩) રેમ (૪) ફલોપી

**(૪૩) પ્રિન્ટરની છાપવાની ગુણવત્તાનો આધાર શેના પર છે ?**
(૧) ડી.આઈ.પી. (૨) ડી.પી.આઈ.
(૩) ડી.ટી.પી. (૪) એકપણ નહીં

**(૪૪) માહિતી પત્રોમાં એક કાગળ પર એક સાથે વધુમાં વધુ કેટલી સ્લાઈડ પ્રિન્ટ કરી શકાય છે ?**
(૧) ૪ (૨) ૨
(૩) ૬ (૪) ૮

**(૪૫) Aecess માં ફિલ્ડના પ્રકાર કેટલા હોય છે ?**
(૧) ૪ (૨) ૭
(૩) ૯ (૪) ૮

**(૪૬) અત્યાર સુધી સૌથી વધુ વખત વીટો પાવર વાપરનાર રાષ્ટ્રપતિ કોણ હતા ?**
(૧) વી. વી. ગિરિ (૨) આર. વેંકટરામન
(૩) જ્ઞાની ઝેલસિંહ (૪) પ્રતિભા પાટીલ

**(૪૭) પ્રથમ વખત બિનહરીફ ચૂંટાનાર રાષ્ટ્રપતિ કોણ ?**
(૧) નિલમ સંજીવ રેડ્ડી (૨) શંકરદયાળ શર્મા
(૩) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(૪) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

**(૪૮) રાષ્ટ્રપતિ પદની લાયકાત અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં છે ?**
(૧) ૫૭ (૨) ૫૬
(૩) ૫૮ (૪) ૬૦

**(૪૯) અત્યાર સુધી આપણા દેશમાં રાષ્ટ્રીય કટોકટી કેટલીવાર લગાવાઈ છે ?**
(૧) એક (૨) ત્રણ
(૩) બે (૪) એકપણવાર નહીં

**(૫૦) બંધારણના કયા અનુચ્છેદ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યકક્ષાના સભાપતિ હોય છે ?**
(૧) ૬૩ (૨) ૬૪
(૩) ૬૮ (૪) ૭૯

## જવાબ

**(૧) ૧ (૨) ૩ (૩) ૪ (૪) ૨ (૫) ૩ (૬) ૩ (૭) ૧ (૮) ૩ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૪ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૧ (૨૦) ૨ (૨૧) ૧ (૨૨) ૧ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૨ (૨૭) ૪ (૨૮) ૨ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૨ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૨ (૩૭) ૪ (૩૮) ૪ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૩ (૪૩) ૨ (૪૪) ૩ (૪૫) ૪ (૪૬) ૩ (૪૭) ૧ (૪૮) ૩ (૪૯) ૨ (૫૦) ૨**